# વાર્તાસર્જનની લીલાઓની રૂપરેખા | હિમાંશી શેલત

[**વાર્તાગોષ્ઠિ** : લેખક : બાબુ દાવલપુરા પ્રકાશક : અરુણોદય પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૯૬, કિં. રૂ. ૧૪૦]

પ્રસ્તુત પુસ્તકના આમુખમાં પ્રવીણ દરજીએ બાબુભાઈ દાવલપુરાના વાર્તાવિષયક નિરીક્ષણોને 'ગૃહીત ગ્રહમુક્ત નિજાનંદી આસ્વાદો' તરીકે ઓળખાવ્યા છે. વાર્તાચાહકો (એમાં સર્જકોનો સમાવેશ ખરો) એક હકીકતથી સારી પેઠે પરિચિત છે કે વિવેચકો જ્યારે વાર્તાની સમીક્ષા કરે છે ત્યારે નિજી વિભાવનાઓ અને વલણોને વળોટી જવાનું કામ કપરું સાબિત થાય છે. અપેક્ષિત તટસ્થતા જાળવી શકે એવા વિવેચકો સામે વળી બીજું જોખમ આવીને ઊભું રહે છે, અને તે શુષ્ક ચર્ચા તથા ભારેખમ કંટાળાજનક અભિવ્યક્તિ. જે વાર્તાનો પરિચય વાંચતાં જ થાકી જવાય તે વાર્તા સુધી પહોંચવાનો ઉત્સાહ તો પ્રગટે ક્યાંથી ? અભ્યાસક્રમમાં ભણવાની કે ભણાવવાની આવે ત્યારે જ એ કૃતિ સુધી જવાનો શ્રમ લેવાય. નિજાનંદે એવી મહેનત કોઈ ભાગ્યે જ નોતરે.

આવી પરિસ્થિતિમાં 'વાર્તાગોષ્ઠિ' ભાવક અને સર્જકને, વાર્તારચનાને અને વાચકને, ભેગાં કરવાનો ઉપક્રમ આદરે છે, અને એમાં બહુધા સફળ થાય છે. અહીં સમાવિષ્ટ વાર્તાઆસ્વાદોમાં લાઘવ છે, વાર્તાસર્જનની વિવિધ ખૂબીઓને પામીને એને દર્શાવવાનો પ્રયાસ છે. વળી આ આસ્વાદોનું એક પોતીકું રચનાસૌષ્ઠવ છે. માત્ર એક જ વાક્યમાં સમગ્ર રચનાના વિશેષને પ્રગટ કર્યા પછી કથાસામગ્રી, એનું હાર્દ અને એનો કલાપક્ષ એ અઢી પાનામાં સમાવી લેવાનો પડકાર વિવેચકે ઝીલી બતાવ્યો છે. આડાતેડા સંદર્ભોના પ્રસ્તારને ટાળીને અહીં વાર્તાના મર્મને પામવાનું લક્ષ્ય છે. જેમકે, વાર્તાકાર મડિયાની કૃતિના આસ્વાદનો આરંભ છે :

''ચુનીલાલ મડિયાકૃત 'વાની મારી કોયલ' એક કરતાં વધુ દૃષ્ટિએ ધ્યાન ખેંચે તેવી વાતાવરણ પ્રધાન મર્મગામી વાર્તા છે. '' 'કાન'ના પરિચયની શરૂઆત આ પ્રમાણે છે : ''મધુ રાય રચિત 'કાન' આપણા વાર્તાસાહિત્યમાં વિશિષ્ટ સ્થાનને પાત્ર લેખાય એવી અરૂઢ કોટિની મર્મસભર વાર્તા છે.''

અહીં સામેલ થયેલી બધી જ રચનાઓની ઓળખ માટે મર્મભેદક, મર્મસભર, મર્મસ્પર્શી, મર્મગામી, માર્મિક જેવી સંજ્ઞાઓ પ્રયોજાઈ છે. વિવિધતા લેખે કેટલીકને ચેતોહર, કરુણગર્ભ, પ્રતીકાત્મક, તત્ત્વગર્ભ, અનવદ્ય, કળાત્મક, વ્યંજનાગર્ભ, સંતર્પક વા પ્રભાવક જેવી ઓળખ મળેલી છે. જે વાર્તાનો આસ્વાદ ભાવક વાંચી રહ્યો છે તે કૃતિમાં કશુંક ખાસ છે, એટલું આસ્વાદને પહેલે તબક્કે જ પામી શકાય છે જેથી આસ્વાદના બીજા તબક્કામાં એનો પ્રવેશ સરળ બને છે. કૃતિનો રસાનુભવ વહેંચવાનો ભાવ અહીં કેન્દ્રસ્થાને હોવાથી આસ્વાદની ભાષા પણ વિદ્વત્તાના બોજા હેઠળ હાંફી નથી જતી. વાર્તાની વિશિષ્ટતા સાથે સર્જકની આગવી પ્રતિભાનો મહિમા પણ અહીં ભુલાયો નથી. 'ટૂંકી વાર્તાના કળાસભાન સર્જક અને વિવેચક રઘુવીર ચૌધરી', 'કળાસભાન પ્રયોગશીલ સુમન શાહ', 'ટૂંકી વાર્તાના સર્જન-વિવેચન ક્ષેત્રે આગવી કેડી કંડારનાર કિશોર જાદવ', 'કળાત્મક લઘુનવલો – નવલકથાના સિદ્ધિમંત સર્જક પન્નાલાલ' જેવાં ઉદાહરણો આસ્વાદકની લાક્ષણિક ઉષ્માસભર અભિવ્યક્તિ સ્પષ્ટ કરે છે.

જેનો આસ્વાદ કરાવવો કપરો હોય એવી વાર્તા સંદર્ભે આસ્વાદક શું કરે છે એ જાણવાની ઇચ્છાથી 'સરકસના કૂવામાં કાગડાઓ' ભણી વાચક ફંટાય તો સમજાશે કે અહીં મોટે ભાગે તો કથામાં આવતાં વાક્યો, કલ્પનશ્રેણીઓ, શબ્દસમૂહો વગેરે સીધાં જ લઈને મૂકી દીધાં છે. પરમ સત્તા મૃત્યુના સંકેતો આ વાર્તામાં ક્યાં – કેવી રીતે મળે છે એ દર્શાવવા આસ્વાદક પ્રયત્નશીલ હોવા છતાં એ આ પ્રયત્ન અંગે સાશંક હોય એમ સમાપન કરતાં કહે છે કે ''એકાધિક અર્થઘટનોને અવકાશ આપે એવી ફેન્ટસીની રીતે વિભાવિત થયેલી આ અરૂઢ કોટિની કલ્પનસમૃદ્ધ લાઘવયુક્ત વાર્તા મર્મજ્ઞ કેળવાયેલા ભાવકની ચેતનાને સ્પર્શી જાય તેવી ચેતોહર છે. (પૃ. ૪૬) (''પણ'') કલ્પનોનાં અનુસ્યૂત સંકેતોને ઉકેલવામાં નવી વાર્તા વિભાવનાથી અપરિચિત વાચકો કદાચ મૂંઝવણ અનુભવે.'' એટલે જે નથી ઉકેલી શકાતું એમાં ભાવક સ્વયં (એ મર્મજ્ઞ અને કેળવાયેલો નથી માટે) જવાબદાર છે, એવું સૂચન (જે મર્મજ્ઞ અને કેળવાયેલો નથી તે પણ) ગ્રહણ કરી શકે છે.

નવાઈ ત્યારે લાગે છે જ્યારે બિંદુ ભટ્ટની વાર્તા 'મંગળસૂત્ર' માટે આસ્વાદકને એવું કહેવાનું પ્રાપ્ત થાય છે કે 'દક્ષિણ કે પૂર્વભારતની બોલીઓનો આ વાર્તાની જેમ પ્રચુર માત્રામાં આશ્રય લેવાય તો ગુજરાતી ભાવકગણ તેમના ભાવ-અર્થને અવગત કરી શકે કે કેમ એ યક્ષપ્રશ્ન અનુત્તર જ રહે છે.' હિન્દી ભાષાની તમામ છટાઓથી આજનો ભાવક ખાસ્સો પરિચિત છે, અને 'મંગળસૂત્ર'ના ભાવ-અર્થને સમજવામાં ભાવકને ભાગ્યે જ કશી તકલીફ પડી હશે એમ ભારપૂર્વક કહેવામાં કશું દુઃસાહસ નથી.

ટૂંકી વાર્તાનો અભ્યાસ કરનારાંઓ માટે પ્રસ્તુત ગોષ્ઠિ ઉપયોગી નીવડશે એની ખાતરી જરૂર રખાય. કેટલીક વાર્તાઓનાં રસબિન્દુઓ ન પામી શકાયાં હોય તેવી સ્થિતિમાં વિશાળ વાચકવર્ગ માટે આ પ્રયત્ન લાભકારક થશે એ પણ સાચું. વાર્તાનો આસ્વાદ વાંચીને ન વાંચેલી કે અડધેથી છોડી દીધેલી કોઈક કૃતિઓ વાંચવા માટેની પ્રેરણા મળે એવું બનવાની શક્યતાયે ખરી જ. એક જોખમ છે, જે અધ્યાપકો પારખી શકે. કૃતિગત કથાઘટકોની વિગતો સમીક્ષામાં સામેલ છે, રચનાની ખૂબીઓ સામેલ છે, અભ્યાસની રીતે જે મહત્ત્વનું ગણાય તે બધુંય અહીં લાઘવમાં – in a nutshell – સામેલ છે. થોડાંક તેજસ્વીને બાદ કરતાં ગુજરાતી સાહિત્યના વિદ્યાર્થીઓ, અભ્યાસુઓ મૂળ રચના સુધી પહોંચવાને બદલે માત્ર આ અઢી પાનાં વાંચીને તો કામ નહીં ચલાવે ને ? શક્યતા નકારી શકાય એમ નથી.